રાજયના અંત્યોદય અને બી.પી.એલ રેશનકાર્ડ ધારકોને કપાસીયા તેલનું વિતરણ કરવા બાબત..

ગુજરાત સરકાર
ઠરાવ ક્રમાંક :પીડીએસ/૧૧૨૦૧૯/૧૪૬૩/ક
અન્ન, નાગરીક પુરવઠા અને ગ્રા. બા. નો વિભાગ
નવા સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૧૭/૦૭/૨૦૧૯

વંચાણે લીધા :-

૧.નિયામકશ્રી,અ.ના.પુ.ના તા.૧૦/૦૭/૨૦૧૯નો પત્રાંક:પીડીએસ/ખાદ્યતેલ/ફાળવણી/૧૮૧૫/ ૨૦૧૯-૨૦

૨.ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લી.ના તા.૦૬/૦૭/૨૦૧૯નો પત્રાંક: નાપુનિ/ ૨૨૧ખાદ્યતેલ/ રિફા.કપા.તેલ ૧ લી. પાઉચ/પીડીએસ/૧૯

આમુખ:-

ઉકત વંચાણે લીધેલ સંદર્ભ (૧) થી નિયામકશ્રી, અન્ન અને નાગરિક પુરવઠાની કચેરીએ અંત્યોદય અન્ન યોજના (એ.એ.વાય.) અને બીપીએલ રેશનકાર્ડ ધારકોને તહેવારો દરમિયાન કપાસિયા તેલનું વિતરણ કયા ભાવે કરવું તે માટે નિર્ણય થવા દરખાસ્ત કરેલ. જે વિતરણ અને ભાવ નક્કી કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

આમુખની વિગતે આથી નીચે મુજબ કાર્યવાહી કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

૧. એ.એ.વાય. અને બી.પી.એલ. રેશનકાર્ડ ધારકોને માહે ઓગષ્ટ અને ઓકટોબર-૧૯ના બે માસ માટે માસિક કાર્ડ દીઠ ૧ (એક) લિટર રીફાઇન્ડ કપાસિયા તેલનું વિતરણ કરવાનું રહેશે.
૨. કપાસિયા તેલનો વિતરણ ભાવ પ્રતિ લિટર રૂ. ૫૦/- (રૂપિયા પચાસ) રહેશે.
૩. માહે ઓગષ્ટ અને ઓકટોબર -૧૯ના બે માસમાં રીફાઇન્ડ કપાસિયા તેલના સમયસર વિતરણની કામગીરી નિયામકશ્રી, અન્ન અને નાગરિક પુરવઠાએ જોવાની રહેશે.

૪. કપાસિયા તેલની ખરીદીમાં પ્રતિ લિટર પડતર અને વિતરણ ભાવના તફાવતની રકમ ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમે સબસીડી રૂપે નિયામકશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા પાસે કલેઇમ કરવાની રહેશે.

૫. વર્ષ ૨૦૧૯-૨૦માં આ અંગેના સબંધિત સદરે કરેલ જોગવાઇ કરતા વધારાના ખર્ચની મંજુરી સુધારેલા અંદાજો વખતે વર્ષ ૨૦૧૯-૨૦માં નિયામકશ્રીએ કરાવી લેવાની રહેશે.

આ ઠરાવ સમાન ક્રમાંકની ફાઇલ પર તા. ૧૫/૦૭/૨૦૧૯ની સરકારશ્રીની મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(નયના પટેલ)
નાયબ સચિવ
અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રા.બા. વિભાગ,
ગુજરાત સરકાર.

નકલ રવાના :-

૧.મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લી., ગાંધીનગર.
૨.નિયામકશ્રી, અન્ન, નાગરિક પુરવઠા, સચિવાલય, ગાંધીનગર.
૩.સર્વે જિલ્લા કલેક્ટરશ્રીઓ
૪.સર્વે જિલ્લા પુરવઠા અધિકારીશ્રીઓ.
૫.અન્ન નિયંત્રકશ્રી ,અન્ન નિયંત્રકની કચેરી,અમદાવાદ શહેર,અમદાવાદ.
૬.નાયબ અન્ન નિયંત્રકશ્રી ,અન્ન નિયંત્રકની કચેરી,અમદાવાદ શહેર,અમદાવાદ.

નકલ જાણ સારૂ રવાના:-

૧.માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી,ગાંધીનગર
૨.માન.મંત્રીશ્રી, અ.ના.પુ ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, બીજો માળ, સચિવાલય, ગાંધીનગર.
૩.માન. રા.ક.મંત્રીશ્રી, અ.ના.પુ.ના, અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
૪.અગ્રસચિવશ્રીના રહસ્ય સચિવશ્રી,અ.ના.પુ અને ગ્રા.બા.વિ, સચિવાલય, ગાંધીનગર
૫.સીસ્ટમ મેનેજરશ્રી, અ.ના.પુ અને ગ્રા.બા.વિ,સચિવાલય,ગાંધીનગર વેબસાઇટ પર મુકવા સારૂ.
૬.સિલેક્ટ ફાઇલ